# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

☎ ૨૩૨૫૪૫૦૬(ઓફીસ), ગુજરાત રાજય "વિમા અને લેખા ભવન" બ્લોક નં.-૧૭
(૦૭૯) ૨૩૨૫૪૩૭૭(અંગત), ડો.જીવરાજમહેતા ભવન, સેકટર-૧૦ બી.
૨૩૨૫૯૭૬૦(ફેક્સ) ગાંધીનગર-૩૮૨૦૧૦
E-mail : supt-tc-dat@gujarat.gov.in

**નં.:-હિતિનિ/ટી.સી./ફા.૧૨૬/૧૦૫૬/૬૩૭-૬૬૫ તા. ૨/૨/૨૦૧૦**

**પરિપત્ર :- ૨/૨૦૧૦**

**વિષયઃ-તિજોરી કચેરીમાં રજુ થતાં બીલોમાં ગ્રાંટની ચકાસણી કરવા બાબત.**

આથી સંબંધકર્તા તમામ તિજોરી અધિકારીશ્રીઓ તથા પગાર અને હિસાબ અધિકારીશ્રીઓના ધ્યાન ઉપર લાવવામાં આવે છે કે, કેટલાક કેસની અંદર સંબંધકર્તા ઉપાડ અને ચૂકવણા અધિકારી દ્વારા ગ્રાન્ટ એલોટમેન્ટની કોઈ વિગતો ન હોવા છતાં યા માઈનસ હોવા છતાં બીલો રજુ કરવામાં આવે છે. આ સંદર્ભમાં નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવે છે.

- ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ના નિયમ ૮૪ (V) તથા (IX) માં સ્પષ્ટ કર્યા મુજબ રજુ થયા તમામ બીલોમાં ગ્રાન્ટ ફાળવણી તથા પુરેપુરું હિસાબી વર્ગીકરણ દર્શાવવું જરૂરી છે.
- સરકારશ્રીની સૂચના મુજબના ખાસ કિસ્સા સિવાય કોઈ બીલો પાસ કરવાપાત્ર થતાં નથી.
- ગુજરાત અંદાજપત્ર નિયમસંગ્રહના નિયમ-૧૦૦ મુજબ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાની જવાબદારી ખાતાકીય નિયંત્રણ અધિકારીની છે. આથી, તિજોરીઓમાં રજુ થતાં બીલોમાં ઉપાડ અને ચૂકવણી અધિકારી દ્વારા સાચા આંકડા દશર્શાવવાની જવાબદારી ઉપાડ અધિકારીશ્રીની રહેશે.
- ઉકત સૂચના અગાઉ નાણા વિભાગના ઠરાવ નં. તજર/૧૦૨૦૦૦/૩૬૫/ઝ , તા.૩૦/૯/૨૦૦૦ના પરિશિષ્ટ-૧ ના ન.નં.૨.૧ માં જણાવેલ છે.
- નાણા વિભાગના તા.૨૪/૩/૧૯૬૭ના પરિપત્ર નં. તજર/૧૦૬૭/૧૬૮૦/ગ થી માત્ર એપ્રિલ અને મે માસ માટે પગારબીલ સાથે ગ્રાન્ટ પ્રમાણપત્ર આપવાની જોગવાઈ છે. જેથી તે સિવાયના માસના રજૂ થતાં પગારબીલોમાં નિયમોનુસાર કાર્યવાહી કરવી.
- ઉકત વિગતે તમામ તિજોરી અધિકારીશ્રીઓ તથા પગાર અને હિસાબ અધિકારીશ્રીઓએ સંબંધકર્તા ઓડિટરોને ઘટિત સૂચના આપવા જણાવવામાં આવે છે કે, સરકારશ્રીની ખાસ સૂચના સિવાય અન્ય કોઈપણ કિસ્સામાં ગ્રાન્ટ એલોટમેન્ટની વિગતો વગરના કે માઈનસ ગ્રાન્ટ દર્શાવતા બીલો પાસ કરવાના રહેતા નથી.
- આ સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

૨/૨/૧૦

**નાયબ નિયામક**
**(તિજોરી નિયંત્રણ)**

**નકલ રવાનાઃ-**

૧. શ્રેયાન જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, ......................
૨. પગાર અને હિસાબ અધિકારીશ્રી, પગાર અને હિસાબ કચેરી, અમદાવાદ/ ગાંધીનગર
૩. હિસાબી અધિકારીશ્રી, તાલીમ કેન્દ્ર, હિ.તિ.નિ.કચેરી, ગાંધીનગર
૪. નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી, નિધિ નિરીક્ષણ શાખા, હિ.તિ.નિ.કચેરી, ગાંધીનગર
તરફ જાણ તથા ઘટિત કાર્યવાહી સારુ.